# ફાઈનલમાં ભારત પાસે ત્રણ ઈતિહાસ રચવાની તક

### ફાઇનલ પહેલા યોજાનારા સમાપન સમારોહમાં રિકી માર્ટિન પરફોર્મ કરશે



અમદાવાદ, તા. 06 : ટી-20 વર્લ્ડકપની આઠમી માર્ચે રવિવારે અહીં રમાનારી ફાઇનલ મેચ પહેલા સમાપન સમારોહ યોજાશે. જેમાં ઇન્ટરનેશનલ પોપ સુપરસ્ટાર રિકી માર્ટિન પરફોર્મ કરશે. આ માહિતી શુક્રવારે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ભારતીય સમય મુજબ સાંજે 5:30 વાગ્યે શરૂ થશે. પોતાના શક્તિશાળી અવાજ, મજબૂત સ્ટેજ હાજરી અને લેટિન પોપ ગીતો માટે વિશ્વભરમાં લોકપ્રિય આ ગાયકના પરફોર્મ કરવાનો હોવાથી ચાહકો ઉત્સાહિત છે. આ ગાયક મેચ જોવા આવનારા ચાહકોને એક રોમાંચક અને યાદગાર અનુભવ આપશે તેવી અપેક્ષા છે. આઇસીસીએ તેના સત્તાવાર X પ્લેટફોર્મ પર લખ્યું, ટી-20 વર્લ્ડકપ પાર્ટી હવે મોટી થઇ ગઇ છે.

**ટી-20** વર્લ્ડકપમાં સતત બે વાર ચેમ્પિયન બનવાનું અને યજમાનો ન જીતે એવું મ્હેણું ભાંગવાની તક

**સાથે** જ ન્યૂઝીલેન્ડ સામે ટી-20 વર્લ્ડકપની મેચ ન જીતવાનો ઇતિહાસ બદલવાની પણ ભારત પાસે તક

**ઓવરઓલ** ટી-20ને ધ્યાને લેતા બંને વચ્ચે રમાયેલી 30 મેચમાંથી ભારતે 18 જ્યારે ન્યૂઝીલેન્ડે 11 જીતી છે

અમદાવાદ, તા. 06 : ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટી-20 વર્લ્ડકપ ફાઈનલ 8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સાંજે 7 વાગ્યે શરૂ થશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત પોતાના ટાઇટલના બચાવથી એક ડગલું દૂર છે, જ્યારે કિવી ટીમ પોતાના પહેલા ટી-20 વર્લ્ડકપ ટાઇટલ જીતવાનું લક્ષ્ય ધરાવે છે. આ ફાઈનલમાં ભારતીય ટીમ પાસે ત્રણ ઈતિહાસ રચવાની તક છે. એક તો કોઇ યજમાન ટીમ ટી-20 વર્લ્ડકપ નથી જીતી શકી તે અને સતત બીજીવાર કોઇ ટીમ ચેમ્પિયન નથી બની તે ઈતિહાસ રચવાની તક તો છે જ પણ સાથે જ ન્યૂઝીલેન્ડ સામે કદી ટી-20 વર્લ્ડકપમાં ન જીતી શકવાનો ઈતિહાસ બદલવાની પણ તેની પાસે તક છે.

ન્યુઝીલેન્ડ સામેની ફાઈનલ મેચ ભારત માટે ખૂબ જ મુશ્કેલ રહી શકે છે. તેનું કારણ એ છે કે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અત્યાર સુધીના ટી-20 વર્લ્ડકપમાં ત્રણ મેચ રમાઇ છે અને એ ત્રણેય મેચ ન્યૂઝીલેન્ડ જીત્યું છે. બંને દેશો વચ્ચે પહેલી મેચ 2007ના ટી-20 વર્લ્ડકપમાં રમાઈ હતી.જેમાં ન્યુઝીલેન્ડે 190 રન બનાવ્યા હતા અને ભારતીય ટીમ 180 રન સુધી સિમિત રહેતા ન્યૂઝીલેન્ડ 10 રનથી મેચ જીત્યું હતું. બીજી મેચ 2016ના ટી-20 વર્લ્ડકપમાં રમાઈ હતી. ન્યુઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા સાત વિકેટે 126 રન બનાવ્યા હતા અને ભારતનો માત્ર 79 રનમાં વિંટો વળતા તેઓ 47 રનથી હાર્યા હતા. ત્રીજી મેચ 2021ના ટી-20 વર્લ્ડકપમાં રમાઇ હતી, જેમાં ભારતે પ્રથમ બેટિંગ કરતા સાત વિકેટે 110 રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડે બે વિકેટે 111 રન બનાવીને મેચ આઠ વિકેટથી જીતી લીધી હતી. જો આપણે એકંદર આંકડા પર નજર કરીએ તો, ટી20માં ભારતીય ટીમનો ન્યૂઝીલેન્ડ સામે હાથ ઉપર છે. બંને દેશો વચ્ચે અત્યાર સુધીમાં 30 મેચ રમાઈ છે. ભારતીય ટીમે 18 મેચ જીતી છે, જ્યારે ન્યુઝીલેન્ડ 11 મેચમાં સફળ રહ્યું છે. એક મેચ ટાઈ રહી હતી. વર્લ્ડ કપ પહેલા રમાયેલી ટી-20 સીરિઝમાં ભારતીય ટીમે ન્યુઝીલેન્ડને 4-1થી હરાવ્યું હતું.

બંને ટીમોની ટુર્નામેન્ટમાં અત્યાર સુધીની સફર ઉથલપાથલભરી રહી છે, કારણ કે એક સમયે તેઓ ટુર્નામેન્ટમાંથી બહાર થવાની અણી પર હતા. જોકે, તેઓએ શાનદાર વાપસી કરીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું. ઈંગ્લેન્ડ સામે ન્યૂઝીલેન્ડની હારથી સેમી ફાઈનલમાં પહોંચવાની તેમની તકો સામે સવાલ ઊભા થયા હતા, જો કે પાકિસ્તાન શ્રીલંકા સામે મોટી જીત મેળવી ન શકતાં ન્યૂઝીલેન્ડ ક્વોલિફાઈ થયું હતું. ભારતને દક્ષિણ આફ્રિકા સામે મળેલી હાર છેક સુધી નડી હતી પણ વેસ્ટઈન્ડિઝને હરાવી ભારત ક્વોલિફાઇ થયું હતું.

### ટી-20 વર્લ્ડકપ ફાઇનલમાં ઇલિંગવર્થ અને વ્હાર્ફ અમ્પાયરિંગ કરશે

નવી દિલ્હી, તા. 06 : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ આજે શુક્રવારે જાહેરાત કરી કે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી ટી-20 વર્લ્ડકપ ફાઈનલમાં ઈંગ્લેન્ડના રિચાર્ડ ઈલિંગવર્થ અને એલેક્સ વ્હાર્ફ અમ્પાયરિંગ કરશે. ઈલિંગવર્થ સતત બીજી વખત પુરુષોની ટી-20 વર્લ્ડકપ ફાઈનલમાં અમ્પાયરિંગ કરશે, તેમણે અગાઉ 2024ની ફાઈનલમાં ક્રિસ ગેફેની સાથે અમ્પાયરિંગ કર્યું હતું. રવિવારે અમદાવાદમાં ડિફેન્ડીંગ ચેમ્પિયન ભારત અને ન્યુઝીલેન્ડ ટ્રોફી માટે એકબીજા સામે ટકરાશે. ઈલિંગવર્થે પુરુષોની 2023 વર્લ્ડ કપ ફાઈનલ અને પુરુષોની 2025 ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલમાં પણ અમ્પાયરિંગ કર્યું છે. ઈલિંગવર્થ સાથે તેમના દેશના વોર્ફ પણ જોડાયા છે, જે પહેલી વાર કોઈ સિનિયર આઈસીસી વર્લ્ડકપ ફાઈનલમાં અમ્પાયરિંગ કરશે. વોર્ફ અગાઉ મહિલા ક્રિકેટ વર્લ્ડકપ 2022 અને પુરુષ ક્રિકેટ વર્લ્ડકપ 2023 ટુર્નામેન્ટમાં અમ્પાયરિંગ કરી ચૂક્યા છે.

### ટી-20 વર્લ્ડકપ ફાઇનલ માટે ટીમ ઇન્ડિયા અમદાવાદ પહોંચી ગઇ





**અક્ષર** અને બુમરાહ અલગ કાર દ્વારા ઘરે રવાના, બાકીની ટીમ બસ દ્વારા હોટલ જવા રવાના

અમદાવાદ, તા. 06 : ટી-20 વર્લ્ડકપમાં આગામી આઠમી માર્ચ અને રવિવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ન્યુઝીલેન્ડ સામેની ટી-20 વર્લ્ડકપ ફાઇનલ માટે ભારતીય ક્રિકેટ ટીમ શુક્રવારે સાંજે અમદાવાદ પહોંચી ગઈ હતી. રોમાંચક સેમી ફાઇનલમાં ઈંગ્લેન્ડને સાત રનથી હરાવ્યા પછી ભારતીય ટીમ મુંબઇથી અમદાવાદ એરપોર્ટ પર આજે સાંજે 5:30 વાગ્યે આવી હતી. મુખ્ય કોચ ગૌતમ ગંભીર, કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને બાકીના ખેલાડીઓ ટીમ હોટલ તરફ રવાના થયા હતા, જ્યારે અક્ષર પટેલ અને જસપ્રીત બુમરાહ તેમની કારમાં અલગથી રવાના થયા હતા, જો ભારતીય ટીમ 8 માર્ચે ન્યુઝીલેન્ડને હરાવે છે, તો ભારત સતત બીજીવાર ટી-20 વર્લ્ડકપ ટાઇટલ જીતનાર ઇતિહાસની પ્રથમ ટીમ બનશે. ભારતીય ટીમે સતત બીજીવાર ટી-20 વર્લ્ડકપ ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બનીને ઇતિહાસ રચ્યો છે, પરંતુ રવિવારે જીત તેમને અલગ કેટેગરીમાં મૂકી દેશે.

## ભારત-ઇંગ્લેન્ડની સેમી ફાઇનલે વૈશ્વિક ડિજિટલ વ્યૂઅરશિપ રેકોર્ડ તોડ્યો : ICC

**આ સેમી** ફાઇનલ માટે જિયો હોટસ્ટાર પર 65.2 મિલિયન દર્શકોનો સર્વોચ્ચ રેકોર્ડ નોંધાયો

અમદાવાદ, તા. 06 : ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ટી-20 વર્લ્ડકપની બીજી સેમી ફાઈનલે ડિજિટલ સ્પોર્ટ્સ વ્યૂઅરશિપનો રેકોર્ડ તોડ્યો, જેમાં જિયો હોટસ્ટાર પર 65.2 મિલિયન દર્શકોનો સર્વોચ્ચ રેકોર્ડ નોંધાયો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ આ માહિતી આપી.

ભારતે ઈંગ્લેન્ડને એક રોમાંચક મેચમાં સાત રનથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. આઈસીસી પ્રમુખ જય શાહે ટ્વિટર પર લખ્યું કે આઈસીસી ટી-20 વર્લ્ડકપની બીજી સેમી ફાઈનલમાં ડિજિટલ દર્શકોનો વિશ્વ રેકોર્ડ બન્યો છે. ભારત અને ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમો વચ્ચેની મેચમાં જિયો હોટસ્ટાર પર 65.2 મિલિયન દર્શકોનો સર્વોચ્ચ દર્શક રેકોર્ડ નોંધાયો હતો, જે વિશ્વભરમાં લાઈવ રમતગમત કાર્યક્રમ માટેનો રેકોર્ડ છે. તેમણે કહ્યું કે તે ભારતીય ચાહકોને એક કરવા માટે મુખ્ય વૈશ્વિક ક્રિકેટની અદભૂત ક્ષમતા અને અમારા ભાગીદાર જિયો હોટસ્ટાર ખાતેની મારી ટીમની ચાહકોને મોટા પાયે જોડવાની ક્ષમતા પણ દર્શાવે છે.

## એકમાત્ર ટેસ્ટ : ભારતીય મહિલા ટીમ 198માં ઓલઆઉટ, ઓસ્ટ્રેલિયા 96/3

**ઓસ્ટ્રેલિયન** ઝડપી બોલરો સામે જેમિમા રોડ્રિગ્સ સિવાય અન્ય કોઇ બેટર ટકીને ન રમી શકી



પર્થ, તા. 06 (પીટીઆઈ) : અહીં શરૂ થયેલી એકમાત્ર ડે એન્ડ નાઈટ ટેસ્ટના આજે શુક્રવારે પહેલા દિવસે ઓસ્ટ્રેલિયન પેસર્સ એનાબેલ સધરલેન્ડ અને લ્યુસી હેમિલ્ટનના સ્વિંગ સામે અન્ય ભારતીય બેટરો ક્રિઝ પર ટકી શક્યા ન હતા પણ જેમિમા રોડ્રિગ્સે લડાયક અડધી સદી ફટકારી હતી અને ભારતીય મહિલા ટીમ 198 રનમાં ઓલઆઉટ થઈ હતી. રોડ્રિગ્સે 84 બોલમાં 52 રન બનાવ્યા પરંતુ તેમને બીજા છેડેથી કોઈ ટેકો મળ્યો નહીં. પહેલા દિવસની રમતના અંતે ઓસ્ટ્રેલિયાનો સ્કોર ત્રણ વિકેટે 96 રન હતો, અને તેઓ ભારતના સ્કોરથી હજુ 102 રન પાછળ છે. સ્ટમ્પ સમયે પહેલા એલિસ પેરી 43 અને સધરલેન્ડ 20 રને ક્રિઝ પર હતા.

ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધા પછી સધરલેન્ડે 46 રનમાં ચાર અને હેમિલ્ટને 31 રનમાં ત્રણ વિકેટ લીધી હતી. સ્મૃતિ મંધાના ચાર, શેફાલી વર્મા 35, ડેબ્યુટન્ટ પ્રતિકા રાવલ 18, કેપ્ટન હરમનપ્રીત કૌર 19 અને દીપ્તિ શર્મા સાત રને આઉટ થતા ભારતે 107 રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. રોડ્રિગ્ઝ અને ઋચા ઘોષે છઠ્ઠી વિકેટ માટે 43 રન ઉમેરીને ભારતને 150 રનનો આંકડો પાર કરાવ્યો. આ બંને આઉટ થયા પછી કાશ્વી ગૌતમે 34 રન કરવા ઉપરાંત સયાલી સતઘરે સાથે મળીને નવમી વિકેટ માટે 38 રનની ભાગીદારી કરીને ભારતને 200 રનની નજીક પહોંચાડ્યું હતું ઓસ્ટ્રેલિયન ઈનિંગની શરૂઆતમાં સતઘરેએ ઓસ્ટ્રેલિયન ઓપનર જ્યોર્જિયા વોલ અને કેપ્ટન એલિસા હીલીની વિકેટ લીધી હતી.

## વેસ્ટ ઈન્ડીઝની ટીમ હજુ પણ કોલકાતામાં જ ફસાયેલી હોવાના અહેવાલ

**વેસ્ટઇન્ડિઝની** ટીમ માટે ખાસ ચાર્ટર વિમાનની વ્યવસ્થા તો થઇ પણ હવાઇ ટ્રાફિક મંજૂરીની રાહ જોવાઇ રહી છે

**દક્ષિણ** આફ્રિકાના ચાર ખેલાડીઓ દ્વિપક્ષિય ટી-20 સીરિઝ માટે ન્યુઝીલેન્ડ જશે, અન્ય ખેલાડીઓની રવાનગી નક્કી નથી

કોલકાતા, તા. 06 (પીટીઆઈ) : અમેરિકા અને ઈઝરાયલના ઈરાન પરના હુમલા બાદ ઈન્ટરનેશનલ હવાઈ ક્ષેત્ર પરના પ્રતિબંધોને કારણે તેમની મુસાફરી યોજનાઓ ખોરવાઈ જવાને કારણે ટી-20 વર્લ્ડકપમાંથી બહાર થયા પછી વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ સતત પાંચમા દિવસે કોલકાતામાં ફસાયેલા રહ્યા છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વેસ્ટ ઈન્ડિઝની ટીમને મોકલવા માટે એક ખાસ વિમાનની વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ અંતિમ હવાઈ ટ્રાફિક મંજૂરીની રાહ જોવાઈ રહી છે. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (સીએબી) ના એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકા બંને ટીમોની પ્રસ્થાનની વિગતો હજુ રાહ જોવાઈ રહી છે. જોકે, અધિકારીએ જણાવ્યું હતું કે દક્ષિણ આફ્રિકાના ચાર ખેલાડીઓ આગામી દ્વિપક્ષીય શ્રેણી માટે શુક્રવારે રાત્રે ન્યુઝીલેન્ડ રવાના થઈ શકે છે. દક્ષિણ આફ્રિકાના ચાર ખેલાડીઓ આજે રાત્રે ન્યુઝીલેન્ડ રવાના થઈ શકે છે પરંતુ ઔપચારિક માહિતીની રાહ જોવાઈ રહી છે એવું તેમણે કહ્યું. દક્ષિણ આફ્રિકાની ટીમ 15 માર્ચથી ન્યુઝીલેન્ડ સામે પાંચ મેચની ટી20 સીરિઝ રમવાની છે. દક્ષિણ આફ્રિકાની બાકીની ટીમ કોલકાતા ક્યારે રવાના થશે તે હજુ સ્પષ્ટ નથી.

